જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૮/૨૦૧૫ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૭૪૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી અને ૦૬ વ્યક્તિઓને ઝડપી ૧૮૮ લીટર દેશી દારૂ, ૧૦૦ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબ્જે લીધુ હતુ. તેમજ જુગારધારા મુજબ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૦૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૭૪૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૭૫૦/૧૫**

**વેજલપુર :** લખાભાઇ ભવાનજી ચુડાસમા (રહે.શાંતીનાથ એપાર્ટમેન્ટ, વેજલપુર) એ તા.૨૭/૮/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૮/૧૫ રાતનાં ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરનાં બેડરૂમનાં બારીનાં સળીયા કાઢી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૧૧,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.પી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૭૫૧/૧૫**

**ચાંદખેડા :** નમ્રતાબહેન ડો/ઓ રાજેશભાઇ ડાડેકર (ઉ.વ.૧૮)(રહે.વિવેકાનંદનગર, ગુ.હા.બોર્ડ, ચાંદખેડા) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૭/૮/૧૫ ના કલાક ૧૦/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)